# સખી મંડળ દ્વારા મહિલા સશક્તિકરણ- એક અભ્યાસ

કનૈયાલાલ આર. પટેલ

## મહિલા સશક્તિકરણ વર્તમાન યુગની આવશ્કયતા

મહિલાઓએ પૂર્ણ વર્તુળ છે.તેમની અંદર સર્જન, પોષણ અને પરિવર્તનની શક્તિ છે.નારી શક્તિ એ એક વિચાર છે.જે ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીન સમયથી પ્રવર્તમાન છે.પ્રાચીન સમયથી દેવીની ઉપાસના વિભિન્ન સ્વરૂપો પૂર્વ ભારતમાં દુર્ગા અને કાલી, કેરળમાં મહિષાસુર મર્દિની અને ભગવતીમાં થતી રહી છે.તેઓને હંમેશાથી શક્તિ કેન્દ્ર તરીકે ચિતરવામાં આવી રહ્યાં છે.તેઓ એ કાર્ય કરવામાં સમર્થ છે,જેને પુરુષો નથી કરી શકતા.

જોકે, આ ચિત્રની એક બાજુ છે.બીજી તરફ મહિલાઓની દારૂણ સ્થિતિ દર્શાવે છે.જ્યાં પરિવારના નિર્ણય લેવાની વાત તો ઘણે દૂર, તેઓ પોતાના જીવનમાં પણ આપમેળે નિર્ણય લઇ શકતી નથી. તેઓ પુરુષોની, તેમના જીવનમાં સહાયક હોય છે.તેમની આકાંક્ષા ઈચ્છાઓને મહત્વપૂર્ણ નથી માનતી કે જેને પ્રોત્સાહન આપવામાં આવે.તેમની કઠણાઈઓ એક માતા, પત્ની અને પુત્રી તરીકે તેમની ફરજોમાં સંમ્મિલિત થઇ જય છે.

મહિલા જીવનના પાસાઓમાં તાજેતરના સમયમાં મોટા પરિવર્તન જોવા મળ્યા છે.આધુનિક મહિલા પોતાન ઘરની ચાર દિવાલો પુરતી માર્યાદિત નથી.મહિલાઓ હવે સર્વત્ર પોતાના મહત્વ અને મૂલ્યને સમજવા લાગી છે અને હવે તેઓ પોતાના ઘર અને કાર્યસ્થળ બંને સ્થાનોએ જજાતીય સમાનતા અને ન્યાયની માંગણી કરી રહી છે.તેઓએ લગભગ તમામ ક્ષેત્રોમાં રહેલા અવરોધોને તોડી નાખ્યા છે પછી ચાહે તે ટેકનોલોજી હોય, અવકાશ વિજ્ઞાન હોય, રમત-ગમત હોય કે પછી સશસ્ત્ર સેનાઓ કેમ ના હોય.આજે લગભગ દર પાંચમી મહિલા ઉદ્યોગ સાહસિક છે.-શહેરી અને ગ્રામીણ ભારત બંને સ્થળોએ.

સમાજ વ્યવસ્થાપનના પાયામાં સ્ત્રી અને પુરુષ બંને અંગો છે. આ સંદર્ભમાં માનવી સામાજિક પ્રાણી હોવાની સાથે-સાથે જીવનરૂપી રથના બે પૈડા તરીકે સ્ત્રી અને પુરુષનું સમાજના સ્થાપન અને વિકાસ માટે એટલું જ મહત્વ રહેલું છે.પરંતુ માનવી દ્વારા જ ઘડાયેલી પિતૃ સત્તા સમાજ વ્યવસ્થામાં સ્ત્રીના દરજ્જાને પુરુષ દરજ્જા કરતા ઉતરતું સ્થાન આપવામાં આવ્યું છે સમાજમાં સ્ત્રીના ઉતરતા દરજ્જા સાથે સાથે તેના વ્યક્તિત્વ તેની સ્વાયતતા અને સત્તા સાથે સલંગ્ન પ્રશ્નો અને પરિણામો આપણને વર્તમાન સમયમાં પણ દ્રશ્યમાન થતા જોવા મળે છે.

ભારતીય સમાજ પુરુષ પ્રધાન છે.ભારતીય પરંપરા અનુસાર પુરુષ હંમેશા અર્થ વ્યવસ્થા સંભાળે અને સ્ત્રીઓ હંમેશ ગૃહ વ્યવસ્થા સંભાળે છે. નાણાના યોગ્ય ઉપયોગ દ્વારા ઉત્તમ ગૃહ વ્યવસ્થાનું નિર્માણ થાય છે.ભારતીય સમાજમાં સ્ત્રીને "ગૃહલક્ષ્મી" કહેવામાં આવે છે.કારણ કે ઉત્તમ સમાજનું નિર્માણ ત્યારે જ શક્ય બને, જયારે તેનો પાયો ઉત્તમ હોય, ઘરથી પરિવાર, પરિવારથી કુટુંબ, કુટુંબ થી જ્ઞાતિ, જ્ઞાતિ થી સમૂહ અને સમૂહથી સમાજ, આમ ઉત્તરોઉતર ચાલતી આ સંકળ એ સમજાવે છે કે ઉત્તમ ગૃહ વ્યવસ્થા જ ઉત્તમ સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરે છે.અને આ ગૃહ વ્યવસ્થા સુવ્યવસ્થિત વર્ગની નારી દ્વારા જ શક્ય બને છે આથી જ તો કહેવામાં આવ્યું છે કે જે ઘરમાં નારી સુખી તે ઘર પર દેવતાઓ પણ પ્રસન્ન રહે છે. આવું હિંદુ ધર્મ અને વેદોમાં પણ સમજાવવામાં, કહેવામાં આવ્યું છે. બીજી રીતે કહીએ તો જે ઘરની નારી સુખી છે તે દેશની પ્રજા સુખી અને સમૃધ્ધ છે.

પંડિત જવાહરલાલ નહેરુ એ કહ્યું છે કે સ્ત્રી તો જીવન આપવા વાળી શક્તિ છે માત્ર આબાદી વધારવાવાળું ઉપકરણ નથી.સ્ત્રી તો સ્વયં પ્રકૃતિ છે. પરંતુ દુઃખ એ વાતનું છે કે પ્રકૃતિના વિનાશનો પહેલો શિકાર સ્ત્રી જ બને છે.સ્ત્રી પુરુષ એકબીજાના જીવનસાથી છે.એક સિવાય બીજાનું સર્જન અસંભવ છે.જેવી રીતે શ્રુષ્ટિ સૂરજથી સંભવ છે તેવીજ રીતે જીવન પણ સ્ત્રીથી જ સંભવ છે.ભારતમાં સ્ત્રીઓને જો આર્થિક રીતે સમૃધ્ધ બનાવવામાં આવે તો તેમના સામાજિક દરજ્જો ઉંચો જશે.સમયાંતર વિવિધ ચળવળો એ, તેમજ કુટુંબની આર્થિક જરૂરિયાતોએ સ્ત્રીને બહાર નીકળવાની તક આપી છે.સ્ત્રીની પત્નિ તરીકેની ભૂમિકા, માતાની ભૂમિકા, ગૃહ વ્યવસ્થાપનની ભૂમિકા, સાથે ઘર બહાર અર્થો પાર્જન અને આર્થિક સ્વાયતતા માટેની ભૂમિકા, પણ અનિવાર્ય બનતી સ્વીકારાતી જાય છે.પરંતુ તેની સાથે તેની પરંપરાગત ભૂમિકા સાથે બાંધછોડ કરવામાં આવતી નથી.સ્ત્રીની કમાણી ઉપર માલિકી અને વહીવટી નિયંત્રણ પુરુષોનું જોવા મળે છે સ્ત્રીના પૈસા, મિલકત અને સ્ત્રી ધન ઉપર ચાંપતી નજર રહે છે.તેની કોઈ સ્વતંત્ર ઓળખાણ નથી.તેના વ્યક્તિત્વને મોટાભાગે સ્વાવલંબી ગણવામાં આવતું નથી.વર્તમાનમાં સ્ત્રીને સમાનતા પ્લેટફોમ પર ઊભી રાખવા માટે સમાજે પોતાની માનસિકતા બદલવાનું અનિવાર્ય રીતે સ્વીકારવું જ રહ્યું.

સમાજમાં સ્ત્રીઓ ઉપરના અત્યાચારોની ઘટનાઓનું મૂળ કારણ ભારતીય સમાજમાં આર્થિક સામાજિક દરજ્જાના સ્થાપિત થયેલા ક્રમમાં પુરુષો પ્રથમ સ્થાને છે,જયારે સ્ત્રીઓ બીજા સ્થાને છે જો સ્ત્રીઓનો આ દરજ્જો પુરુષની સમકક્ષ લાવવો હોય તો જે કાર્યોનું બજારમાં વિનિમય મૂલ્ય હોય અને પુરુષોના કામના મૂલ્ય આંકવાના માપદંડો જે પ્રવૃત્તિઓને લાગુ પાડવામાં આવતા હોય તેવી પ્રવૃત્તિઓ અને કામગીરીઓમાં સ્ત્રીઓનું પ્રદાન વધે તે જરૂરી જ નહિ પરંતુ અનિવાર્ય છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ સ્ત્રી સમાનતા અને સ્ત્રી સ્વાતંત્ર્ય આંદોલન શરુ થયા, ધીમે-ધીમે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ૧૯૪૫મ સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠકમાં મહિલા સશક્તિકરણ માટે પુરુષ અને મહિલાઓને સમાન અધિકાર મળવાની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો.૧૯૪૮મા રંગ, જાતિ, લિંગના ભેદભાવ વગર સમાન અધિકાર અને સ્વતંત્રતા આપવાનો ઠરાવ કર્યો.૧૯૫૯માં રોજગાર અને ધંધાઓમાં લિંગ ભેદ સબંધી અસમાનતા દુર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ૧૯૭૫માં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષની ઉજવણી કરવાનું નક્કી થયું.૧૯૭૫ થી ૧૯૮૫ ના સમયગાળાને મહિલા દશકની ઉજવણી તરીકે ઉજવવાનું નક્કી કરવામા આવ્યું. ૮ માર્ચ ના દિવસને આંતરરાષ્ટ્રીય માહલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ભારતનું સંવિધાન તમામ નાગરિકોને જાતિ, જ્ઞાતિ, સમુદાય, ભાષા અને ધર્મના ભેદભાવ વિના સમાનતાની બાહેંધરી આપે છે.ભારતના સંવિધાનમાં ૧૯૯૨ નો ૭૩મો અને ૭૪મો સુધારો, જેમાં પંચાયતી રાજની સંસ્થાઓની બેઠકોની એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ અને સમાજના નબળા વર્ગો માટે આરક્ષિત રાખવામાં આવી છે.તે ભારતીય મહિલાઓની રાજકીય ભાગીદારી અને સામાજિક સશક્તિકરણની દિશામાં સિમા ચિહ્ન રૂપ છે.વર્ષોના ગાળામાં જાતિય સમાનતા, રક્ષણ અને પ્રત્સાહન માટે અનેક કાયદાઓ, નીતિઓ અને કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે.જે મહિલા સશક્તિકરણનું કેન્દ્ર બિંદુ છે.એક સ્ત્રી શિક્ષિત, સક્ષમ અને આત્મનિર્ભર બને તો એક કુંટુંબ , એક સમાજ અને એક રાજ્ય તથા અંતે એક રાષ્ટ્ર શિક્ષિત અને સશક્ત બને “એક માતા સો શિક્ષકની ગરજ સારે છે” એ કહેવત સાર્થક બને તે માટે સાંપ્રત સમયમાં સ્ત્રીઓને અનુભવવી પડતી ગરીબી, અજ્ઞાન, કુપોષણ, ઘરકામનો બોજો, આરોગ્યની, બાળકોના ઉછેરની, આર્થિક, સામાજિક વગેરે સમસ્યાઓ દુર થાય તે માટે સ્ત્રી શિક્ષણ અનિવાર્ય છે. જો સ્ત્રીને શિક્ષિત અને દીક્ષિત કરવામાં આવે, સ્ત્રીને પગભર બનાવવામાં આવે, સ્ત્રીને તન અને મનથી સંપૂર્ણ સ્વસ્થ બનાવવામાં આવે, સ્ત્રીને સમાન વ્યવહારમા બધા સમાન અધિકાર આપવામાં આવે તો સમય મર્યાદામા મહિલા સશક્તિકરણની પ્રક્રિયાને પરિણામે સ્ત્રી સામર્થ્ય પ્રકટે અને પોતે વિવેકપૂર્વકના યોગ્ય નિર્ણયો લેવા માટે અને નિર્ણયોનો અમલ કરવા માટે પૂરતી સમર્થ બનશે.તે એક નવી દિશા, નવું સ્વરૂપ ધારણ કરશે, સાથે-સાથે સાચી સમજણના વાવેતર થશે તેથી સ્ત્રી જાતિની સમસ્યાઓ સાચી સંવેદનપૂર્વક સમજી શકે તેવી પરિસ્થિતિનું સમાજમાં નિર્માણ થશે, આવા સમાજમાં સ્ત્રી, સ્ત્રી ભ્રૂણહત્યા માટે તૈયાર નહિ થાય અને કોઈ દબાણ કરવામાં આવશે તો પ્રખર વિરોધ કરશે. આવી પરિસ્થિતિના નિર્માણ માટે આજે મહિલા સશક્તિકરણ અતિ આવશ્યક નહિ, પરંતુ અનિવાર્ય છે.જયારે સ્ત્રીઓ આર્થિક રીતે આત્મનિર્ભર બની જશે ત્યારે તેઓ સામાજિક દ્રષ્ટિએ પુરુષોની બરાબરી સરળથી પ્રાપ્ત કરી લેશે.સ્ત્રીઓ પુરુષો સાથેની સમાનતાને આધારે માનવીય અધિકારો અને મૂળભૂત સ્વતંત્રતાઓ આચરી શકે અને ભોગવી શકે તેવી બાહેંધરી આપવાના હેતુથી સ્ત્રીઓના સંપૂર્ણ વિકાસ તથા પ્રગતિની અનિશ્ચિતતા માટે કાયદા ઘડવાથી માંડીને કેટલાંક પગલા સંયુક્ત રાષ્ટ્રોના સંમેલનમાં સહી કરનાર રાષ્ટ્ર તરીકે ભારતે લીધા છે.સ્ત્રીઓ માટેના ચોક્કસ કાર્યક્રમો મહિલા સશક્તિકરણમા હકારાત્મક પરિણમો દર્શાવે છે.મહિલા વિકાસ અને મહિલા સશક્તિકરણ માટે સરકાર, સરકારી વિભાગો, સરકાર દ્વારા ઉભી થયેલી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, પંચવર્ષીય યોજનાઓ, વિશિષ્ટ કાર્યક્રમો વગેરે દ્વારા પ્રયાસો થયા છે.તેમ છતાં મહિલાઓના આર્થિક, સામાજિક દરજ્જામાં નોંધપાત્ર સુધારો થયો હોય તેવું જણાતું નથી. હજુ પણ સવિશેષ પ્રયાસો કરવાની જરૂરિયાત છે.જેથી મહિલા સશક્તિકરણ ખરેખર સંભવી શકે, અંતે એટલું જ કહીશ “નારી તું નારાયણી, નારી રતનની ખાણ, નારીથી નર નીપજે, નારી તને પ્રણામ”

માત્ર સ્વસ્થ મહિલા જ સશક્ત મહિલા બની શકે છે.આયુષ્માન ભારત કાર્યક્રમ, રાષ્ટ્રીય પોષણ મિશન, ઉજ્જવલા યોજના વગેરે જેવી યોજનાઓ ભારતીય મહિલાઓને આરોગ્ય અને પોષણ સબંધિત જરૂરીયાતોની પુરતી કરે છે.

ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમોએ મહિલાઓને તેમના પગ પર ઉભા રહેવા સમર્થ બનાવી છે.પ્રધાનમંત્રી મુદ્રા યોજના, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સખીમંડળોએ મહિલાઓને નાણાંકીય રીતે સુરક્ષિત અને સ્વતંત્ર બનાવવામાં ખુબ જ મદદ કરે છે.પી.એમ જનધન યોજનાએ પણ મહિલાઓને નાણાંકીય સમાવેશીકરણમાં મહત્વની ભૂમિકા ભજવી છે.તમામ સ્થળોએ મહિલાઓને સુરક્ષા અને સલામતીને મહિલા સશક્તિકરણના એજન્ડામાં મોખરાનું સ્થાન આપયેલું છે.

વિકાસના માર્ગે મહિલાઓનું સશક્તિકરણ કર્યા વિના યાત્રા કરી શકાય તેમ નથી,જેઓ ભારતીય વસ્તીમાં લગભગ ૫૦ ટકા હિસ્સો ધરાવે છે.મહિલા સશક્તિકરણ માટે બહુઆયામી અને સંગઠિત વલણ નિશ્ચિત રીતે દેશને આ પંથની આગળ દોરી જશે.

સંદર્ભ ગ્રંથ (૧)યોજના,૨૦૧૨ (કે.વી ગજેરા)
(૨) યોજના: ઓક્ટોબર ૨૦૧૮